ઉમેદવારનો બેઠક નંબર : 3 5 1 3 6 7

પેપર કોડ
132 2023

પ્રશ્નપુસ્તિકા કોડ
C

પ્રશ્નપુસ્તિકા નંબર
351367

ખાતાના વડાની કચેરીનું નામ : ભારતનું બંધારણ અને સેવાકીય બાબતો

સંવર્ગનું નામ : લોઅર લેવલ

વિષય : વિવિધ ખાતાના વડા

પરીક્ષા તારીખ : ૨૮-૧૦-૨૦૨૩

With Book

પ્રશ્નપત્ર નંબર
1

સમય : ૨ કલાક

કુલ ગુણ : ૧૦૦

તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.

● ઉમેદવારોને સૂચના ●

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે જ ચારેય વિકલ્પો આપવાનાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવામા છે. તમારે આ સાથે **અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET) માં જ ઉત્તર આપવાના છે.**

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?

A) સરદાર પટેલ B) મહાત્મા ગાંધી
C) સુભાષચંદ્ર બોઝ D) વિનોબા ભાવે

જવાબવહી (OMR SHEET) માં

Ⓐ ● Ⓒ Ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ "B" છે. આથી "B" નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

(2) પરીક્ષા શુરુ થયેથી ઉમેદવાર પરીક્ષા છોડી શકશે નહીં અને અનિવાર્ય કારણોસર પરીક્ષા પૂર્ણ થયા પહેલાં ઉમેદવારે પરીક્ષા ખંડ છોડવો હોય તો પોતાનું ઉત્તરપત્ર અને પ્રશ્નપત્ર પરત આપવાનું રહેશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર લઈ જઈ શકશે.

(3) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET)માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર તથા અન્ય વિગતો સ્વચ્છ અક્ષરે લખવાની રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવેલ નથી.

(5) પ્રશ્નપત્ર તથા ઉત્તરપત્ર (OMR Sheet) માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈપણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈપણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(6) ઉત્તરપત્ર (OMR Sheet) માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની OMR Sheet (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(7) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસે માન્ય સાહિત્ય સિવાય અન્ય સાહિત્ય જેવું કે ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન જેવા અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે

(8) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(9) ઉમેદવાર વાદળી/કાળી બોલપેનથી જ ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન્સિલનો ઉપયોગ કરી શકાશે નહીં. તથા સફેદ શાહી (વ્હાઈટ ઈન્ક) બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

001. નીચેમાંથી કઈ બાબત સરકારી કર્મચારી સરકારની પુર્વ મંજુરી વિના કરી શકે?

(A) પોતાની પત્ની દ્વારા હાથ ધરાયેલ ધંધા માટે નાણાની જોગવાઈ કરવી

(B) પોતાના કુટુંબની કોઈપણ વ્યક્તિ વીમા એજન્ટ હોય તો તેના સમર્થનમાં પ્રચાર કરવો

(C) સામાજિક તેમજ સખાવતી પ્રકારનું માનદ કામ હાથ ધરવું

(D) કોઈપણ મંડળમાં ચૂંટણી દ્વારા ભરાતો હોદ્દો ધારણ કરવો

002. શેરની વારંવાર ખરીદી અને વેચાણ કરે તો તે શું ગણાશે?

(A) વેપાર (B) ધંધો

(C) સટ્ટો (D) ઉપરના બધા

003. જ્યારે સરકારી કર્મચારીના પગારના કેટલા ભાગ પર ટાંચ મુકાઈ હોય ત્યારે તે જાણીને તેના દેવાનું પ્રમાણ કેટલુ છે તેનો અહેવાલમાં ઉલ્લેખ કરી શકાય?

(A) અડધા (B) બે ગણા

(C) ત્રણ ગણા (D) પાંચ ગણા

004. રાજ્યપત્રિત અધિકારીએ સ્થાવર જંગમ મિલકતની માહિતી ક્યારે પૂરી પાડવાની છે?

(A) દર વર્ષે (B) દર બે વર્ષેના પૂર્ણ ગુણાંકમાં

(C) દર પાંચ વર્ષેના પૂર્ણ ગુણાંકમાં (D) દર દસ વર્ષેના પૂર્ણ ગુણાંકમાં

005. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો -1971ના સંદર્ભમાં કમીશન એટલે?

(A) ગુજરાત જાહેર સેવા આયોગ (B) ગૌણ સેવા પસંદગી મંડળ

(C) પંચાયત સેવા પસંદગી મંડળ (D) ઉપરના બધા

006. સરકારી કર્મચારીને ફોજદારી તહોમત હેઠળ કેટલા સમય સુધી અટકાયતમાં રાખવામાં આવ્યો હોય તો તે ફરજ મોકૂફ ગણવામાં આવશે?

(A) 24 કલાક (B) 36 કલાક

(C) 48 કલાક (D) 60 કલાલ

007. રાજ્યસેવક (તપાસ) અધિનિયમ કયા વર્ષનો છે?

(A) 1835 (B) 1850

(C) 1935 (D) 1950

008. પેન્શન ઘટાડવાના હુકમ સામે કોને અપીલ થઈ શકે?

(A) શિસ્ત અધિકારીને (B) નિમણુંક અધિકારીને

(C) સરકારને (D) ખાતાનાવડાને

009. જે હુકમ સામે અપીલ કરવાની હોય તે હુકમ કર્મચારીને મળે તે તારીખથી કેટલા દિવસમાં અપીલ કરવી જોઈએ?

(A) 30 દિવસ (B) 45 દિવસ

(C) 90 દિવસ (D) 120 દિવસ

010. રાજ્યમાં નોકરી કરતી વ્યક્તિઓને ભરતી અને સેવાની શરતોનું નિયમન કયા અધિનિયમથી કરવામાં આવે છે?

(A) સમુચિત વિધાન મંડળના અધિનિયમ (B) ભરતી અધિનિયમ

(C) જાહેરસેવા આયોગ અધિનિયમ (D) સંસદ અધિનિયમ

011. મૂળભૂત હકોના સંદર્ભમાં કાયદામાં ભારતના રાજ્ય ક્ષેત્રમાં કાયદાનું પ્રભાવ ધરાવતી કઈ બાબતોનો સમાવેશ થતો નથી?

(A) વટહુકમ (B) હુકમ

(C) નિયમ (D) જાહેર નામું

012. નીચેમાંથી શાનો મૂળભૂત હકમાં સમાવેશ થાય છે?

(A) સમાનતાનો હક (B) શોષણ સામેનો હક્ક

(C) સ્વતંત્રતાનો હક (D) ઉપરના બધા

013. ભારતના નાગરિક ન હોય તેવી કોઈપણ વ્યક્તિ રાજ્ય હેઠળનો કોઈ લાભદાયક હોદ્દો ધરાવતી હોય તે દરમિયાન કોની સંમતિ વિના વિદેશી રાજ્ય પાસેથી કોઈ ખિતાબ સ્વીકારી શકાશે નહીં?

(A) મુખ્ય મંત્રી (B) મુખ્ય સચિવ

(C) વડાપ્રધાન (D) રાષ્ટ્રપતિ

014. સ્વાતંત્રયતાનો હક્કમાં નીચેમાંથી શાનો સમાવેશ થાય છે?

(A) વિદેશો સાથેના મૈત્રી સંબંધમાં ઉશ્કેરણી કરવાનો હક્ક

(B) શાંતિ પૂર્વ એકઠા થવાનો હક

(C) હથિયારો સાથે એકઠા થવાનો હક

(D) ઉપરના બધા

015. નીચેમાંથી કયું વિધાન સાચું છે ?

(A) અમલમાં હોય તેવા કાયદાનો તેણે ભંગ કર્યો હોય તે સિવાયના કોઈ ગુના માટે તેને દોષિત ઠરાવી શકાશે.

(B) અમલમાં હોય તે કાયદા અનુસાર કરી શકાય હોત તેથી વધુ શિક્ષા કરી શકાશે

(C) એક જ ગુના માટે કોઈપણ વ્યક્તિ પર એક થી વધુ વાર કામ ચલાવીને તેને શિક્ષા કરી શકાશે નહીં

(D) કોઈ ગુનાનો આરોપ મુકાયેલો હોય એવી કોઈ વ્યક્તિ પોતાની વિરુદ્ધ સાક્ષી બનવાની ફરજ પાડી શકાશે.

016. ધરપકડ કરાયેલી વ્યક્તિને કેટલા સમયમાં મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવી જોઈએ?

(A) 12 કલાક (B) 24 કલાક

(C) 36 કલાક (D) 48 કલાક

017. મનુષ્ય વ્યાપાર અને બળજબરીથી કરાવાતી મજૂરી ઉપરનું પ્રતિબંધનો સમાવેશ કયા હકમાં થાય છે?

(A) સમાનતાનો હક્ક (B) સ્વાતંત્રતાનો હક

(C) શોષણ સામેનો હક (D) ધર્મ સ્વાતંત્ર્યનો હક્ક

018. ધર્મ કે ભાષા પર આધારિત પોતાની પસંદગીની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો હક કોને રહેશે?

(A) તમામ હિન્દુ નાગરિકોને (B) તમામ લઘુમતીઓને

(C) તમામ ભારતીઓને (D) ઉપરના બધાને

019. ભારતીય બંધારણ અનુસાર નીચેમાંથી કયો અધિકાર મૂળભૂત અધિકાર નથી?

(A) ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર (B) માહિતીનો અધિકાર

(C) બંધારણીય ઈલાજનો અધિકાર (D) સમાનતાનો અધિકાર

020. રાજ્ય હેઠળની નોકરી અથવા કોઈ હોદ્દા ઉપર નિમણૂક અંગેની બાબતમાં તમામ નાગરિકો માટે તકની સમાનતા રહેશે તેવી જોગવાઈ કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે?

(A) અનુચ્છેદ 13 (B) અનુચ્છેદ 14

(C) અનુચ્છેદ 15 (D) અનુચ્છેદ 16

021. નીચેમાંથી કયું વિધાન ખોટું છે?

(A) રાજ્યના નાણાંમાંથી પૂરેપૂરી નિભાવતી શિક્ષણ સંસ્થામાં કોઈ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપી શકાશે નહીં

(B) જાહેર વ્યવસ્થા નીતિમત્તા અને સ્વાસ્થ્યને બાધ ન આવે તે રીતે દરેક ધાર્મિક સંપ્રદાય એવી મિલકતનો કાયદા અનુસાર વહીવટ કરવાનો હક રહેશે

(C) ધર્મ ભાષા ઉપર આધારિત તમામ લઘુમતીઓને પોતાની પસંદગીની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો હક રહેશે

(D) રાજ્ય વડે નિભાવવાતી કે રાજના નાણામાંથી સહાય મેળવતી કોઈપણ શિક્ષણ સંસ્થામાં ધર્મના કારણે નાગરિકને પ્રવેશનો ઈનકાર કરી શકાશે

022. અસ્પૃશ્યતાની નાબૂદી બંધારણનો કયો અનુચ્છેદ દર્શાવે છે ?

(A) અનુચ્છેદ 19 (B) અનુચ્છેદ 32

(C) અનુચ્છેદ 17 (D) અનુચ્છેદ 14

023. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની જોગવાઈ ભારતના સંવિધાનમાં કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 36 થી 51
(B) અનુચ્છેદ 5 થી 11
(C) અનુચ્છેદ 51 (અ)
(D) અનુચ્છેદ 14 થી 18

024. રાજ્યોની ફરજોનું દિશા નિર્દેશન નીચેમાંથી શામાં છે?

(A) રાજ્યનીતિના માર્ગદર્શન સિધ્ધાંતોમાં
(B) મૂળભૂત ફરજોમાં
(C) વિધાનસભાના નિયમોમાં
(D) સ્વતંત્રતાના હક્કમાં

025. ભારતીય બંધારણ અનુસાર મૂળભૂત અધિકારો માટે કોની પાસે દાદ માંગી શકાશે?

(A) રાષ્ટ્રપતિ
(B) ન્યાયપાલિકા
(B) લોકસભા
(D) વડાપ્રધાન

026. કોઈ મુલ્કી સેવાના સભ્યને આક્ષેપોની જાણ કરવામાં અને બચાવની વ્યાજબી તક આપીને શિક્ષા કરવાની જોગવાઈ સંવિધાનના કયા અનુચ્છેદમાં છે?

(A) અનુચ્છેદ 309
(B) અનુચ્છેદ 310
(C) અનુચ્છેદ 311
(D) અનુચ્છેદ 320

027. નીચેમાંથી કયું વિધાન ખોટું છે?

(A) જાહેર સેવાઓ અને જગ્યાઓમાં ભરતીનું અને તેના પર નિમાયેલી વ્યક્તિની સેવાની શરતોનું નિયમન સમુચિત વિધાન મંડળના અધિનિયમોથી કરી શકાશે.
(B) વિધાન મંડળના અધિનિયમ હેઠળ જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી રાજ્યપાલ આવી સેવા અને જગાઓની બાબતમાં સેવાની શરતોનું નિયમન કરશે
(C) રાજ્યની મુલ્કી સેવાની સભ્ય હોય એવી દરેક વ્યક્તિ રાજ્યપાલની ઈચ્છા હોય ત્યાં સુધી હોદ્દા ઉપર રહેશે
(D) રાજ્યમાં નિમાયેલી કોઈ વ્યક્તિને તેના તાબાના સત્તાધિકારી હોદ્દા ઉપરથી દૂર કરી શકશે

028. નાગરિકો માટે એક સરખો દીવાની કાયદો થાય તેમ કરવા રાજ્ય પ્રયત્ન કરશે તેવી જોગવાઈ બંધારણના કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે?

(A) અનુચ્છેદ 44
(B) અનુચ્છેદ 26
(C) અનુચ્છેદ 42
(D) અનુચ્છેદ 18

029. રાજ્યની સેવાઓમાં નિમણૂંક માટેની પરીક્ષાઓનું સંચાલન કરવાની ફરજ કોની છે?

(A) મુખ્ય પ્રધાન
(B) રાજ્યપાલ
(C) ગૃહ મંત્રી
(D) લોકસેવા આયોગ

030. ગુજરાત રાજ્ય સેવા વર્તણૂંક નિયમો સંવિધાનની કઈ કલમ અન્વયે બનાવવામાં આવ્યા છે?

(A) 226 (B) 272

(C) 309 (D) 310

031. ગુજરાત રાજ્ય સેવા વર્તણુક નિયમો કોને લાગુ પડતા નથી ?

(A) પોલીસ સબ ઈન્સ્પેક્ટર (B) અખિલ ભારતીય સેવાના અધિકારીઓને

(C) પોલીસ પટેલ (D) ઉપર (B) અને (C)

032. નીચેમાંથી કોનો સમાવેશ કુટુંબમાં થાય છે?

(A) સરકારી કર્મચારીના પતિ (B) સરકારી કર્મચારીનો આધારિત પુત્ર

(C) આધારિત પુત્રી (D) ઉપરના બધા

033. નીચેમાંથી કઈ બાબતનો જાતીય સતામણીમાં સમાવેશ થાય છે?

(A) શારીરિક સ્પર્શ અને તેમાં આગળ વધવું (B) જાતીય ઉત્તેજનાવાળી ચેષ્ટા કરવી

(C) જાતીય સંમતિ માટે માગણી કરવી (D) ઉપરના બધા

034. નીચેમાંથી કઈ જોગવાઈ વર્તન નિયમોના નિયમ 3-ક માં કરી છે?

(A) જાણી બુઝીને કામમાં વિલંબ કરી શકશે નહીં

(B) સંપૂર્ણ પણે પ્રામાણિક રહેવું

(C) જાતીય ઉત્તેજના વાળી ચેષ્ટા કરવી

(D) કોઈ વેપારમાં જોડાવું

035. નીચેનામાંથી કયું વિધાન ખોટુ છે?

(A) સરકારી કર્મચારીએ ફરજ પ્રત્યે નિષ્ઠા કેળવવી

(B) સરકારી કર્મચારીને શોભે નહીં તેવું કોઈ વર્તન કરવું નહીં

(C) ઉપરી અધિકારીની સૂચનાઓ મેળવી પોતાની જવાબદારીમાંથી છટકવાનો અધિકાર મળે છે તેમ સમજવું નહીં

(D) કર્મચારીને સોંપેલ કામગીરી નિયત સમયમાં પૂર્ણ ન કરે તો તેનો સમાવેશ ફરજ પ્રત્યેની નિષ્ઠામાં નિષ્ઠાના અભાવમાં થતો નથી

036. નીચેમાંથી કઈ બાબત રાજકારણ કે ચુંટણીમાં ભાગ લીધો ગણાશે ?

(A) રાજકીય પક્ષના સભ્ય થવુ (B) રાજકીય પ્રવૃતિમાં ફાળો આપવો

(C) ચુંટણીમાં પ્રચાર કરવો (D) ઉપરના બધા

037. કોઈપણ સરકારી કર્મચારી રાજકીય પક્ષનો સભ્ય થઈ શકે નહીં તેવી જોગવાઈ કયા નિયમમાં થયેલ છે?

(A) નિયમ-4 (B) નિયમ-5

(C) નિયમ-6 (D) નિયમ-7

038. કોઈપણ રાજકીય પક્ષ છે કે કેમ અથવા કોઈ સંગઠન રાજકારણમાં ભાગ લે છે કે કેમ તેને લગતો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેનો કોનો નિર્ણય આખરી ગણાશે?

(A) મુખ્ય ચૂંટણી કમિશનર (B) રાજ્યપાલ

(C) મુખ્ય સચિવ (D) સરકાર

039. નીચેમાંથી કઈ બાબત રાજકારણ કે ચુંટણીમાં ભાગ લીધો ગણાશે?

(A) સોંપાયેલ ચૂંટણી ફરજનું પાલન કરવું

(B) પોતાના મતાધિકારનો ઉપયોગ કરવો

(C) પોતાના વાહન ઉપર ચૂંટણી પ્રતિક પ્રદર્શિત કરવું

(D) ઉપરના બધા

040. નીચેમાંથી કઈ બાબત હડતાળ ગણાશે નહીં?

(A) સરકારી કર્મચારીએ સમૂહમાં જોડાઈને કામ બંધ કરવું

(B) સાથે મળીને કામ કરવાની ના પાડવી

(C) વારંવાર ગેરહાજર રહેવું

(D) સામૂહિક રીતે કામ ઢીલમાં પાડવું

041. સરકારી કર્મચારીઓએ સમૂહમાં જોડાઈને કામ બંધ કરવું આ વિધાન વર્તન નિયમોના કયા શીર્ષક હેઠળ છે?

(A) દેખાવો અને હડતાલ (B) સરકારની ટીકા

(C) કાર્ય ક્ષમતાનો અભાવ (D) ત્વરા અને વિવેક

042. નીચેના પૈકી હડતાલમાં શાનો સમાવેશ થાય છે?

(A) એસોસિયેશનની સામાન્ય સભામાં ભાગ લેવો

(B) કાળી પટ્ટી ધારણ કરી કામ કરવું

(C) કામના સ્થળે યોજાયેલ મંડળની મીટીંગમાં ભાગ લેવો

(D) સરકારી કામ બંધ કરવાનો અથવા ઢીલાસમાં પડે તેવું વર્તન કરવું

043. નીચેમાંથી કઈ બાબત સરકારી કર્મચારી સરકારની પુર્વ મંજુરી વિના કરી શકે?

(A) કોઈ વર્તમાનપત્રની માલિકી ધરાવી શકે

(B) કોઈ પ્રકાશક મારફતે સાહિત્યિક પ્રકારનું પુસ્તક પ્રગટ કરી શકે

(C) કોઈ પ્રકાશન મારફત કોઈ પણ પુસ્તક પ્રગટ કરી શકે

(D) ઉપરના બધા

044. ગુજરાત રાજ્ય સેવા વર્તણૂક નિયમો 1971 ના કયા નિયમ હેઠળ કર્મચારી સરકારની ટીકા ન કરી શકે?

(A) નિયમ-8 (B) નિયમ-9

(C) નિયમ-7 (D) નિયમ-10

045. વર્ગ-4 ના કર્મચારીને સામાજિક પ્રસંગે સરકારી કામે સંબંધ ન ધરાવતા નજીકના સગા પાસેથી કેટલા રૂપિયા સુધી ભેટ સ્વીકારી શકે?

(A) રૂપિયા 1000 (B) રૂપિયા 2000

(C) રૂપિયા 4000 (D) રૂપિયા 7000

046. નીચેમાંથી કઈ બાબત ભેટ ગણાશે?

(A) સરકારી કામકાજનો વ્યવહાર ધરાવતા કોઈ વ્યક્તિએ આપેલ વાહનની સુવિધા

(B) હોદ્દાની રૂએ શિલારોપણ વિધિ વખતે સરકારી કર્મચારીને આપવામાં આવેલ લેલુ

(C) કોઈ વાણિજ્યિક પેઢી તરફથી અતિશય ખર્ચાળ આતિથ્ય સ્વીકારવું

(D) ઉપરના બધા

047. વર્ગ-3 ના કર્મચારી સામાજિક પ્રસંગે સરકારી કામે સંબંધ ન ધરાવતા નજીકના સગા પાસેથી કેટલા રૂપિયા સુધી ભેટ સ્વીકારી શકે?

(A) રૂપિયા 2000 (B) રૂપિયા 5000

(C) રૂપિયા 6000 (D) રૂપિયા 7000

048. દાયજા પ્રતિબંધ અધિનિયમ કયા વર્ષનો છે?

(A) 1960 (B) 1963

(C) 1961 (D) 1962

049. નીચેમાંથી કઈ બાબત ભેટ ગણાશે નહિ?

(A) સરકારી કામકાજનો વ્યવહાર ધરાવતા કોઈ વ્યક્તિએ ક્યારેક આપેલ વાહનની સુવિધા

(B) હોદ્દાની રૂએ શિલારોપણ વિધિ વખતે સરકારી કર્મચારીને આપવામાં આવેલ લેલુ

(C) કોઈ વાણિજ્યિક પેઢી તરફથી અતિશય ખર્ચાળ આતિથ્ય સ્વીકારવું

(D) ભોજન લેવાનું વારંવાર મળતું આમંત્રણ

050. નીચેમાંથી કઈ બાબત સરકારની પુર્વ મંજુરી વિના સરકારી કર્મચારી કરી શકે નહીં?

(A) પોતાના માનમાં અપાતું પ્રમાણપત્ર સ્વીકારવું

(B) પોતાના માંનમાં યોજાયેલ જાહેર સભામાં હાજરી આપવી

(C) બીજા કોઈ સરકારી કર્મચારી નોકરી છોડતા હોય ત્યારે તેમના વિદાય સમારંભમાં હાજરી આપવી

(D) ઉપરના બધા

051. નીચેમાંથી કઈ સમિતિ જિલ્લા પંચાયત માટે રચવાનું ફરજિયાત નથી?
(A) કારોબારી સમિતિ
(B) શિક્ષણ સમિતિ
(C) બાંધકામ સમિતિ
(D) બાળ કલ્યાણ સમિતિ

052. ડાંગ જિલ્લામાં પંચાયત અધિનિયમની જોગવાઈઓ ક્યારથી અમલમાં મૂકવામાં આવી?
(A) પહેલી એપ્રિલ 1963
(B) 15 મી એપ્રિલ 1963
(C) પહેલી જૂન 1972
(D) 15 મી જૂન 1972

053. ઉપસરપંચની ચૂંટણી કોણ કરે છે?
(A) સરપંચ અને ગ્રામજનો
(B) ચૂંટાયેલા સભ્યો
(C) ગ્રામજનો
(D) સરપંચ

054. ગ્રામ પંચાયતની મુદ્દત કેટલા વર્ષની હોય છે?
(A) પાંચ વર્ષ
(B) ત્રણ વર્ષ
(C) બે વર્ષ
(D) એક વર્ષ

055. જિલ્લા પંચાયત માટે કેટલી સમિતિઓ રચવી ફરજિયાત છે?
(A) પાંચ સમિતિ
(B) છ સમિતિ
(C) સાત સમિતિ
(D) આઠ સમિતિ

056. પંચાયતનો કોઈપણ સભ્ય બે કરતાં વધુ સમિતિઓના સભ્ય તરીકે ચૂંટાય તો એણે બીજી સમિતિનું સભ્યપદ કેટલા દિવસમાં ખાલી કરવાનું રહેશે?
(A) ત્રણ દિવસ
(B) પાંચ દિવસ
(C) દસ દિવસ
(D) બાર દિવસ

057. નીચેમાંથી કયા કાર્યનો સમાવેશ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિમાં થાય છે?
(A) નાણાંને લગતા કાર્યો
(B) શિક્ષણને લગતા કાર્યો
(C) બાંધકામને લગતા કાર્યો
(D) જાહેર આરોગ્યને લગતા કાર્યો

058. નીચેમાંથી કયા કાર્યો નાણાં વ્યવસ્થા સમીક્ષા સમિતિ કરે છે?
(A) ખર્ચનો પુનરાવલોકન કરવું
(B) નાણા સાધનોની સમીક્ષા કરવી
(C) અંદાજપત્રના કાર્યક્રમો ઘડવા
(D) ઉપરના બધા

059. જિલ્લામાં વસૂલ કરાયેલ જમીન મહેસુલની વસુલાતની રકમમાંથી તલાટીઓના પગાર માટે કેટલા ટકા રકમ રાખવામાં આવે છે?
(A) વસુલાતના 35%
(B) વસુલાતના 25%
(C) વસુલાતના 10%
(D) કોઈ રકમ રાખવામાં આવતી નથી

060. ગુજરાતે પંચાયત રાજની રજત જયંતિ કયા વર્ષમાં ઉજવી?

(A) 1984 (B) 1986

(C) 1988 (D) 1990

061. જિલ્લા પંચાયતના સહ સભ્ય કોણ ગણાય છે?

(A) કલેકટર (B) જિલ્લા વિકાસ અધિકારી

(C) જિલ્લા પંચાયતના પ્રમુખ (D) પંચાયત મંત્રી

062. રાષ્ટ્રીય મેલેરિયા નાબૂદી કાર્યક્રમ કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે કયા હિસ્સાના પ્રમાણમાં હોય છે?

(A) 40:60 ના પ્રમાણમાં (B) 70:30 ના પ્રમાણમાં

(C) 80:20 ના પ્રમાણમાં (D) 50:50 ના પ્રમાણમાં

063. ગુજરાત જમીન મહેસુલ નિયમ કયા વર્ષમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા?

(A) 1972 (B) 1883

(C) 1959 (D) 1961

064. નીચેમાંથી કઈ બાબત જિલ્લા નીધીનો ભાગ નથી?

(A) વ્યવસાય વેરો (B) કર કે ફી

(C) સરકાર પાસેથી મળેલો ફાળો (D) કચરા પટ્ટીની વેચાણ ઊપજ

065. આકારણી સામેના કેસો કઈ સમિતિ સાંભળે છે?

(A) ન્યાય સમિતિ (B) કાયદા સમિતિ

(C) અપીલ સમિતિ (D) કારોબારી સમિતિ

066. વિષમતા ઘટાડવા માટે જિલ્લાના પછાત વિસ્તારો માટે ખાસ ગ્રાન્ટની જોગવાઈ કયા ફંડ દ્વારા કરવામાં આવે છે?

(A) રાજ્ય સમકારી ફંડ (B) જિલ્લા ગ્રામ પ્રોત્સાહન ફંડ

(C) પંચાયત નિધિ (D) કર અને ફી

067. જિલ્લા પંચાયતની કારોબારી સમિતિ કેટલા સભ્યોની બનેલી હોય છે?

(A) 7 સભ્યો (B) 11 સભ્યો

(C) 15 સભ્યો (D) 18 સભ્યો

068. કુવા, તળાવ, સ્નાનઘાટ જેવા સાર્વજનિક સ્થળોના ઉપયોગની બાબતમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ સહિતના પછાત વર્ગના લોકો સાથે રખાતા કોઈપણ જાતના ભેદભાવ અંગે તપાસ કરવા કઈ સમિતિ રચવામાં આવી છે?

(A) જાહેર આરોગ્ય સમિતિ
(B) કારોબારી સમિતિ
(C) સામાજિક ન્યાય સમિતિ
(D) કાયદા સમિતિ

069. ગ્રામ પંચાયતોના અંદાજપત્રોની ચકાસણી કોણ કરે છે?

(A) ગ્રામસભા
(B) તાલુકા પંચાયત
(C) સરપંચ
(D) જિલ્લા પંચાયત

070. નીચેમાંથી કયુ વિધાન ખોટું છે?

(A) તોષણ શબ્દ એ નાણાકીય તોષણ પૂરતો મર્યાદિત નથી
(B) કોઈ વ્યક્તિ પાસેથી પોતાના માટે અથવા અન્ય વ્યક્તિ માટે કાયદેસરના મહેનતાણા સિવાયનું કોઈ તોષણ સ્વીકારે તો તે ગુનાહિત ગેરવર્તન કર્યાનું કહેવાય
(C) કોઈ વ્યક્તિ કલમ -8 અથવા કલમ-9 હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરે તો તે વ્યક્તિને ઓછામાં ઓછી એક વર્ષની કેદની સજા થશે
(D) કોઈ વ્યક્તિ કલમ 12 હેઠળ શિક્ષાને પાત્ર ગુનો કરે તો વધુમાં વધુ સાત વર્ષની કેદ થશે

071. ભ્રષ્ટાચાર અધિનિયમની કઈ કલમમાં તપાસ કરાવવા માટે અધિકૃત વ્યક્તિઓની જોગવાઈ કરવામાં આવી છે?

(A) કલમ-17
(B) કલમ-19
(C) કલમ-20
(D) કલમ -6

072. રાજ્ય સેવક તોષણ મેળવવા કે લાગવગ વાપરવા માટે દુષ્પ્રેરણ કરે તો શું કહેવાય?

(A) સંજોગો આધારિત છે
(B) સંભવિત ગુનો છે
(C) ગુનો બનશે
(D) ગુનો ગણાશે નહીં

073. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ 13(1) ના ખંડ(ચ) માં ઉલ્લેખ કરેલ ગુનાની તપાસ કયા પોલીસ અધિકારીના હુકમથી કરી શકે?

(A) મદદનીશ પોલીસ કમિશનરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીના હુકમથી
(B) નાયબ પોલીસ સુપ્રિટેન્ડન્ટના દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીના હુકમથી
(C) પોલીસ સુપરિન્ટેન્ડેન્ટના દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીના હુકમથી
(D) પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટના હુકમથી

074. જો કોઈ વ્યક્તિ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ 13 ની પેટા કલમ (1) ના ખંડ (ગ) અથવા ખંડ (ઘ) માં ઉલ્લેખેલો ગુનો કરવાની કોશિશ કરે તો તેને કેટલા વર્ષ સુધીની કેદ અને દંડની શિક્ષા થશે?

(A) ત્રણ વર્ષ
(B) એક વર્ષ
(C) પાંચ વર્ષ
(D) સાત વર્ષ

075. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ કોઈ વ્યક્તિ રાજ્ય સેવકને લાંચ આપે તો તેને કઈ કલમ હેઠળ શિક્ષા કરવાની જોગવાઈ છે?

(A) કલમ- 7
(B) કલમ-8
(C) કલમ-9
(D) કલમ- 10

076. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળના કેસોની તપાસ અંગેની જોગવાઈ કયા પ્રકરણમાં કરવામાં આવી છે?

(A) પ્રકરણ-1
(B) પ્રકરણ-2
(C) પ્રકરણ-3
(D) પ્રકરણ-4

077. સરકારી કર્મચારીની હેસિયતથી કોઈ કામના બદલા સ્વરૂપે કોઈ લાભ સ્વીકારે તો કેટલા સમયથી ઓછી નહિં તેટલી કેદની સજાને પાત્ર ઠરે?

(A) ત્રણ માસ
(B) છ માસ
(C) બાર માસ
(D) ચોવીસ માસ

078. ભ્રષ્ટાચાર અધિનિયમની કલમ-8 ,કલમ-9. અને કલમ-12 હેઠળ વારંવાર ગુનો કરે તો તેને ઓછામાં ઓછી કેટલા વર્ષની કેદની શિક્ષા કરી શકાય?

(A) બે વર્ષ
(B) એક વર્ષ
(C) પાંચ વર્ષ
(D) સાત વર્ષ

079. દંડ નક્કી કરવા માટે કઈ હકીકત ધ્યાનમાં લેવાની હોય છે?

(A) આરોપી પાસે રહેલી સઘળી મિલકતો
(B) આરોપી જે મિલકતનો સંતોષકારક જવાબ ન આપી શકે તે મિલકત
(C) તેના સગા સંબંધીની મિલકતો
(D) ઉપર પૈકી કોઈપણ નહીં

080. ગુજરાત રાજ્ય સેવા શિસ્ત અને અપીલ નિયમો બંધારણના કયા અનુચ્છેદ હેઠળ ઘડેલા છે?

(A) અનુચ્છેદ 310 હેઠળ
(B) અનુચ્છેદ 312 હેઠળ
(C) અનુચ્છેદ 311 હેઠળ
(D) અનુચ્છેદ 309 હેઠળ

081. જેની વિરુદ્ધ શિસ્ત વિષયક કાર્યવાહી વિચારણામાં હોય તે સરકારી કર્મચારીને ફરજ મોકૂફ કરવામાં આવ્યો હોય તેની વિરુદ્ધ કેટલા સમયમાં શિસ્ત વિષયક કાર્યવાહી શરૂ ન થઈ હોય તો આવી ફરજ મોકૂફી માન્ય રહેતી નથી?

(A) ત્રણ માસ
(B) 90 દિવસ
(C) 120 દિવસ
(D) 180 દિવસ

082. નીચેમાંથી કઈ મોટી શિક્ષા નથી?

(A) રૂખસદ
(B) બરતરફી
(C) બઢતી રુકાવટ
(D) નીચી પાયરી ઉતારવા

083. વર્ગ -2 ના કચેરીના વડા કઈ શિક્ષા કરી શકે?

(A) ભવિષ્યની અસર સિવાય છ માસ માટે ઈજાફો અટકાવવો
(B) ભવિષ્યની અસર સાથે એક વર્ષ માટે ઈજાફો અટકાવવો
(C) સિનિયોરીટીને અસર ન થાય તે રીતે છ માસ માટે બઢતી રોકવી
(D) ઉપરના A અને C બન્ને

084. નીચેમાંથી કયા હુકમ સામે અપીલ થઈ શકે?

(A) કોઈપણ વચગાળાના હુકમ સામે
(B) તપાસ અધિકારીએ કરેલ કોઈ હુકમ સામે
(C) ઉચ્ચ કક્ષા સમિતિએ કરેલા કોઈ હુકમ સામે
(D) ફરજ મોકૂફીના ના હુકમ સામે

085. ખાતાકીય તપાસ પૂર્ણ થયા બાદ તપાસ અધિકારીએ અહેવાલ કોને મોકલવાનો હોય છે?

(A) સરકારી વકીલને
(B) આક્ષેપિત કર્મચારીને
(C) શિસ્ત અધિકારીને
(D) ખાતાના વડાને

086. નીચેમાંથી કઈ બાબત શિક્ષા ગણાશે નહિં?

(A) ફરજ મોકૂફી
(B) વહિવટી કારણોસર બઢતી ન આપવી
(C) વહિવટી કારણોસર નીચી પાયરી ઉતારવો
(D) ઉપરની બધી બાબતો

087. શિસ્તભંગના કેસોમાં હુકમોની પુનર્વિચારણા, શિક્ષાના હુકમથી કેટલા સમય પછી કરી શકાશે નહિં?

(A) ત્રણ માસ
(B) છ માસ
(C) ચાર માસ
(D) બાર માસ

088. અપીલ દાખલ કરવાની સમયમર્યાદા પૂરી થઈ ગયા પછી કયા સત્તાધિકારી અપીલ ધ્યાનમાં લઈ શકે?

(A) શિસ્ત અધિકારી
(B) નિમણૂંક અધિકારી
(C) અપીલ અધિકારી
(D) કોઈપણ સત્તાધિકારી સ્વીકારી ન શકે

089. ઉચ્ચકક્ષાની સમિતિ એટલે?

(A) નિયમ 11-ક ના હેતુ માટે રચાયેલ સમિતિ
(B) નિયમ 9- 10 ના હેતુ માટે રચાયેલ સમિતિ
(C) મુખ્ય સચિવના અધ્યક્ષપણા હેઠળ રચાયેલ સમિતિ
(D) મુખ્યમંત્રીના અધ્યક્ષપણા હેઠળ રચાયેલ સમિતિ

090. નીચેમાંથી કયા હુકમ સામે અપીલ થઈ શકશે નહીં?

(A) નોકરીમાંથી છૂટા કરતા હુકમ સામે
(B) ફરજ મોકુફી ના હુકમ સામે
(C) કોઈપણ શિક્ષા વધારવાના હુકમ સામે
(D) ઉચ્ચ કક્ષાની સમિતિએ કરેલ કોઈ હુકમ સામે

091. મોટી શિક્ષા કરવા માટેની કાર્યપદ્ધતિ શિસ્ત અને અપીલના કયા નિયમોમાં આપવામાં આવેલ છે?

(A) નિયમ 11
(B) નિયમ 10
(C) નિયમ 6
(D) નિયમ 9

092. રૂખસદ આપવી એ કેવી શિક્ષા છે?

(A) નાની
(B) મોટી
(C) હળવી
(D) શિક્ષા નથી

093. અપીલ કેવી હોવી જોઈએ?

(A) વિગતવાર રજુઆત
(B) આધાર રાખ્યો હોય તેવા બધા જ મહત્વના નિવેદનો અને દલીલો
(C) શિસ્તઅધિકારીના ફક્ત શિક્ષા કરતા હુકમો
(D) કેસની ફક્ત બ્રીફ

094. ફરજિયાત નિવૃતિ એ કેવી શિક્ષા છે?

(A) નાની શિક્ષા
(B) મોટી શિક્ષા
(C) શિક્ષા નથી
(D) મધ્યમ શિક્ષા

095. નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) અપીલ કરનાર દરેક વ્યક્તિએ અલગ અલગ રીતે અને તેના પોતાના નામથી અપીલ કરવી

(B) સરકારી કર્મચારી એ શબ્દ પ્રયોગ સરકારી નોકરી કરવાનું બંધ કર્યું હોય એવી વ્યક્તિનો પણ સમાવેશ થાય છે

(C) ઉચ્ચ કક્ષાની સમિતિએ કરેલ કોઈપણ હુકમ સામે અપીલ થઈ શકશે

(D) પેન્શન શબ્દપ્રયોગમાં વધારાનું પેન્શન ગ્રેચ્યુઈટી અને બીજા કોઈ પણ નિવૃત્તિના લાભનો સમાવેશ થાય છે

096. તહોમતદારને દસ્તાવેજોની નકલો અને સાક્ષીઓની યાદી કોણ આપશે?

(A) ખાતાકીય તપાસ અધિકારી (B) રજૂઆત અધિકારી

(C) શિસ્ત અધિકારી (D) વહીવટી અધિકારી

097. શિસ્ત અધિકારી તરફના સાક્ષીઓની તપાસ શરૂ થાય તે પહેલા મોડામાં મોડી કેટલા દિવસ પહેલા સાક્ષીઓના નિવેદનની નકલો આપવી જોઈએ?

(A) ત્રણ દિવસ (B) સાત દિવસ

(C) દસ દિવસ (D) ત્રીસ દિવસ

098. ફરજ મોકૂફી એટલે શું?

(A) નાની શિક્ષા ગણાય (B) મોટી શિક્ષા ગણાય

(C) કામ ચલાઉ ફરજ પરથી મુક્તિ (D) પગાર ચૂકવ્યા સિવાય કર્મચારીની ગેરહાજરી

099. નીચેમાંથી કઈ શિક્ષામાં કર્મચારી ભવિષ્યની નોકરી માટે ગેરલાયક ઠરે છે?

(A) રૂખસદ (B) ફરજિયાત નિવૃત્તિ

(C) બરતરફી (D) અપરિપક્વ નિવૃતિ

100. પંચાયતી રાજ પદ્ધતિ કેટલા સ્તરની છે?

(A) બે સ્તર (B) ત્રણ સ્તર

(C) પાંચ સ્તર (D) સાત સ્તર